જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૩/૦૧/૨૦૨૪ મંગળવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૯/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૪૪ લીટર દેશી દારૂ, ૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૪,૯૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૦/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૨૧/૨૦૨૪

**ઘાટલોડીયાઃ** સુનિલભાઇ કનૈયાલાલ પંચાલ (ઉ.વ.૫૯) (રહે. શ્રેય એક્ઝોટીકા સોસાયટી આર.એ.એફ. કેમ્પ સામે વસ્ત્રાલ) તા.૧૩/૦૧/૨૦૨૪ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે ગુરુકુળ ત્રણ રસ્તાથી શટલ ઓટોરીક્ષામાં બેસી ઘાટલોડીયા ગામ બીનાપાર્ક સોસાયટી સુધીની મુસાફરી દરમ્યાન ઓટોરીક્ષાના ચાલકની મદદગારીથી ઓટોરીક્ષામાં બેઠેલ બે પુરૂષોએ સુનિલભાઇ પંચાલની નજર ચુકવી સુનિલભાઇ પંચાલની બેગમાંથી સોનાની રુદ્રાક્ષની માળા કિમત રૂપિયા ૧,૭૦,૦૦૦/-, સોનાનુ બ્રેસલેટ કિમત રૂપિયા ૭૭,૫૦૦/-, ગોલ્ડ પ્લેટલેટ કડું કિમત રૂપિયા ૪૦૦૦/- તથા ગોલ્ડ પ્લેટલેટ વિંટી કિમત રૂપિયા ૨૦૦૦/- મળી કુલ કિમત રૂપિયા ૨,૫૩,૫૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ સુનિલભાઇ પંચાલએ તા.૨૨/૦૧/૨૦૨૪ ના રોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

**અપમૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૨૨/૨૦૨૪**

**નિકોલ:** કીર્તી જગદીશભાઇ પટેલ (ઉ.વ.૩૦) (રહે. અભિલાષા સ્કાય આયુસ ૯૯ રોડ ગોપાલ ચોક પાસે કૃષ્ણનગર) તા.૨૧/૦૧/૨૦૨૪ રાતના ૮/૦૦ વાગ્યા પહેલા પશુપતિનાથ મંદિર સામે કેનેરા બેંકની બાજુમાં નિકોલ મીત હોટલના પાચમાં માળે ધાબા ઉપર ઝંડો લગાવવા માટે ચડેલ દરમ્યાન પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિશોરસિંહ સરદારસિંહ ચલાવે છે.

**આત્મહત્યા:-** **સમાચાર યાદી નં.૧૨૩/૨૦૨૪**

**ઘાટલોડીયા:** અપૂર્વ સ/ઓ નિલેષભાઇ મહિડા (ઉ.વ.૨૯) (રહે. ભગવતીનગર સોસાયટી રવિનગર સ્કુલ પાસે ડી માર્ટ પાછળ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૨૦/૦૧/૨૦૨૪ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે મેમનગર નગરપાલીકા સામે વાલ્મીકી વાસ પાસે પોતાની સાસરી ખાતે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૨/૦૧/૨૦૨૪ સવારના ૮/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુરેશભાઇ ગોવાભાઇ ચલાવે છે.

**ઓઢવ:** જશોદાબહેન વા/ઓ નટવરભાઇ પરમાર (ઉ.વ.૫૨) (રહે. હરીજન વાસ ગામ-દેલવાડા તા-માણસા જી-ગાંધીનગર) ઓઢવ શ્રેયા રેસીડેન્સી ખાતે લગ્ન પ્રસંગમાં ગયા હતા જ્યાં અગમ્ય કારણસર તા.૨૨/૦૧/૨૦૨૪ સાંજના ૫/૪૫ થી ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઓઢવ શ્રેયા રેસીડેન્સી બ્લોક-જી ના પાંચમાં માળના ધાબા ઉપર પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ડામોર ચલાવે છે.

**માધવપુરા:** ચન્દ્રારોશની ડો/ઓ શ્રીનિવાસરાવ વડ્ડી (ઉ.વ.૨૧) (રહે. સ્પેક્ટ્રમ ટાવર શાહીબાગ પોલીસ હેડક્વાર્ટસ સામે શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૧/૦૧/૨૦૨૪ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયકિશનરાય હર્ષદરાય ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી